R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 20 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH AUGUST 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૫ મી પુણ્યતિથિએ આદરાંજલિ



## શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી, હાલ : સાયન, મુંબઈ • અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,
પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,
સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,
સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ પંદરમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# પ્રથમ પુણ્યતિથિએ

## સ્મરણાંજલિ

Those we love never truly leave us,
Our souls remain connected forever.



ગામ
જખૌ
(મલબાર હિલ)

જીવન યાત્રા
૧૧/૦૩/૧૯૪૭
૨૪/૦૮/૨૦૨૧

# શ્રી કાંતિલાલ કરમશી વિકમશી

આપની અચાનક વિદાયને આજે એક વર્ષ પુરૂં થયું
છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો.
પળે પળે આપની યાદ આવે છે, આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે.

જીવન સંગીની : કાશ્મીરા કાંતિલાલ વિકમશી
પુત્ર –પુત્રવધુ : કુણાલ અને અર્ચના
પ્રતિક અને ઊર્મિન
પૌત્ર– પૌત્રી : દેવ અને યશા

KKCA™
Kanti Karamsey & Co.
VALUATION & ADVISORY
ESTD. 1977

# Congratulations





**JINEN KETAN NAGDA**
**(B.E.)**
*has completed his Engineering in Computer Science from D.J. Sanghvi Mumbai & is Persuing MBA*

**SUMEET KETAN NAGDA**
**(B.Arch)**
*has completed his degree of Architecture from Rachna Sansad Mumbai*

**WISHING BOTH OF THEM BRIGHT FUTURE**

*Blessings From:*

| | | |
|---|---|---|
| DADI | : | MADHU K. NAGDA |
| NANI | : | MADHUKALA N. MOMAYA |
| MUMMY-PAPA | : | MINAL KETAN NAGDA |
| KAKI -KAKA | : | DEEPALI PARAS NAGDA |
| FUI - FUA | : | SONAL MANISH MAISHERI |
| BEN - BANEVI | : | TINA HARSH DAND |

*Love From Brothers :*

**RUSHABH & HARSHIK**

**તંત્રી સ્થાનેથી**



**ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષોની પરિપૂર્ણતા પ્રસંગે ક.દ.ઓ. સ્વતંત્રતા સેનાનીઓને સલામી આપવા આપણી જ્ઞાતિના સમાજ સેવક શ્રી કુલીનકાંત લુઠીયા દ્વારા લિખીત પુસ્તક ''દેશની આઝાદીની ચળવળમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ગૌરવમય ગાથા''માંથી આ લેખ તૈયાર કર્યો છે. આ પુસ્તક મેળવવા શ્રી કુલીનભાઈનો સંપર્ક સાધી શકો છો. - ડૉ. હીરાચંદ દંડ**

# આઝાદીનો અમૃત મહોત્સવ અને કદઓ સ્વતંત્રતા સેનાનીઓ

આજે આપણે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આપણા સ્વતંત્રતા સેનાનીઓને એક સલામ આપવી છે.

ડિસેમ્બર ૧૯૦૪માં કદઓ જ્ઞાતિના બે નરબંકાઓ શેઠશ્રી નરશી કેશવજી નાયક અને શેઠશ્રી ખીમજી હીરજી કાયાણીએ દેશની આઝાદી માટેની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો.

સ્વતંત્રતાની ચળવળની શરૂઆત થઇ અને કદઓ એમાં ભાગ લેતા થયા એની પહેલાં કદઓ જ્ઞાતિજનોએ વેપારધંધા ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, સામાજીક બદલાવ ક્ષેત્રે પગરણ માંડવાનું શરૂ કર્યું હતું.

આપણી જ્ઞાતિ ખૂબ દુરંદેશી હતી અને છે. ૧૯૨૫થી પ્ર.સ. પ્રગટ થતું રહ્યું છે. ૧૯૨૫માં પહેલું વસ્તીપત્રક બહાર પાડવામાં આવ્યું. કંપનીઓ, પેઢીઓ, બેંક, વિદ્યાર્થીગૃહો અને સામાજીક સંસ્થાઓની સ્થાપના 100 વર્ષ પૂર્વથી ચાલુ થઇ ગઇ હતી. તેથી આ જ્ઞાતિના નરબંકાઓ સ્વતંત્રતા ચળવળમાં ઝંપલાવે એમાં કશુંજ નવું ન હતું. આમાં કેટલાક જ્ઞાતિવીરોએ સ્વતંત્રતા ચળવળમાં મોટું યોગદાન આપ્યું હતું.

શ્રી ભવાનજી નથુભાઇ મહેશ્વરી, યુનિયન સોસાયટી અને 'સ્વદેશ' નામના સાપ્તાહિકના સ્થાપક હતા. તેમણે 'સ્થાનિક સ્વરાજ્ય', 'મહા ગુજરાત' 'સ્વદેશ જગત' નામના પત્રો શરૂ કર્યા હતા. ગાંધીજીથી કરીને મોટા સ્વતંત્રતા સેનાનીઓ અને રાજકારણીનો સાથે તેમને ઘરોબો હતો. તેઓ એક ઉત્તમ વક્તા હતા. માટુંગાનું નમુનેદાર ટાઉન પ્લાનિંગ શ્રી મહેશ્વરીની દીર્ઘદષ્ટિને આભારી છે. તેમની યાદગીરીરૂપે માટુંગાના કિંગ્સ સર્કલ ઉદ્યાનને બી.એ. મહેશ્વરી ઉદ્યાન નામ આપવામાં આવ્યું છે.

ભવાનજી ધનજી મોમાયા આઝાદીની ચળવળમાં જોડાયા. એક વર્ષના જેલવાસમાં અસહ્ય યાતનાઓ સહન કરી.

ભવાનજી કાનજી મોમાયાએ અસ્પૃશ્યતા નિવારણમાં પણ મોટો ભાગ ભજવ્યો હતો.

શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી સરદાર પટેલ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. દેશના બંધારણ સમિતીના સભ્ય હતા. નગરસેવક, ધારાસભ્ય અને સંસદ સભ્ય પણ બન્યા હતા. ૧૯૪૭ના કદઓ જ્ઞાતિના પ્રથમ અધિવેશનના પ્રમુખ હતા. શ્રી ભવાનજી મેઘજી મુનવર ૧૬ વર્ષની ઉંમરના હતા તેથી ચિલ્ડ્રન હોમની ૩ વર્ષની સજા થઇ હતી.

ભવાનજી લાલજી મોતાએ આર.એસ.એસ.માં તાલીમ લીધી હતી. મજબુત બાંધો ધરાવતા હોવાથી ભવાનજી ભીમ તરીકે ઓળખાતા. અંગ્રેજોની સભામાં બોમ્બ વિસ્ફોટ કરવા બોમ્બ બનાવ્યો હતો.

દેવકાબેન ઝવેરચંદ લોડાયાએ બચપણમાં વિદ્યાર્થીઓનું સરઘસ કાઢ્યું હતું અને તેમાં પકડવામાં આવ્યા હતા અને માફી પત્ર ન લખી આપતા બે દિવસ જેલમાં વિતાવ્યાં હતાં. દેવકાબેન ગર્ભવતી હતા ત્યારે ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હતો. અને તેમના ઉપર કેસ ચાલતાં એક માસ સુધી થાણાની જેલમાં રાખવામાં આવ્યા હતા.

શ્રી ચાંપશી હંસરાજ શિયાડે રાયપુરમાં ખેડુતો અને સ્થાનિક પ્રજા માટે ખૂબજ કામ કર્યું છે. ભારત છોડો આંદોલનમાં છ માસ સુધીની જેલ થઇ હતી.

શ્રી ડુંગરશી પદમશી નાગડા મુળે ખંડવાના. અશોકકુમાર અને કિશોરકુમાર એમના બચપણના સાથીદારો, બચપણમાં શાળામાં યુનિયન જેક ઉતારીને તિરંગો ફરકાવ્યો હતો. સુભાષબાબુના વિચારોથી પ્રભાવિત હતા. આઝાદીની ચળવળમાં ૧૯ મહિના જેલવાસ ભોગવ્યો હતો. મલાડ, મુંબઇમાં તેમણે અનેક સામાજીક કાર્યો કર્યા હતા.

હીરજીભાઈ હંસરાજ શિયાડે જેલવાસ ભોગવ્યો હતો. 'નવયુવક' નામે હિંદી દૈનિક પત્ર શરૂ કર્યું હતું.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૨૦, તા. ૨૦-૦૮-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

આર.એસ.એસ.નાં સંઘ સંચાલક હતા અને ૧૧ વર્ષ સુધી ધમતરી નગરપાલિકાના ઉપાધ્યક્ષ રહ્યા હતા.

માતુશ્રી હીરાબાઇ શામજી નાગડા (પાંચારીયા) મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. અને હંમેશા પ્રભાતફેરીમાં ભાગ લેતા, શ્રીમતી ઇન્દુબેન ગોવિંદજી ધરમશી પ્રભાત ફેરીઓ કાઢતા તેથી પોલીસ બંદી બનાવી પોલિસ સ્ટેશનમાં પૂરી રાખતી. ૭-૮ વર્ષની ઉંમરે તિરંગો ન છોડતા પોલીસના દંડા ખાવા પડ્યા હતા. હુબલીમાં જીવન પ્રભાત નામે ગૃહઉદ્યોગ શરૂ કર્યો.

શ્રીમતી ઝમકુબેન પદમશી દંડને ૧૯૪૨ની લડતમાં પીકેટીંગ કરવા બદલ એક માસની સજા થઇ હતી.

શ્રી ઝવેરચંદ હેમરાજ મોતા, શ્રી પદમશી મૈશેરી, શ્રી હંસરાજ કામદાર, શ્રી લીલાધર લખમશી, શ્રી ડુંગરશીભાઇ વગેરે સાથે મળીને દેશી બોમ્બ બનાવવાનું કાર્ય કરતા. જયવંતીબેન ગુલાબચંદ લોડાયાએ મીઠાના સત્યાગ્રહ અને દારૂ અને કાપડની દુકાનો ઉપર પિકેટીંગ વગેરેનું કાર્ય કરતા. કદઓ જ્ઞાતિના તેઓ પહેલા મ્યુનિસિપલ સભાસદ હતા.

શ્રી કલ્યાણજી જેઠાભાઇ ખોનાના મસુરના ઘરે દરરોજ ૨૦૦ કાર્યકરો જમતા અને રાષ્ટ્રીય નેતાઓની સૂચના છાપવા ઘરમાં છુપું પ્રેસ ચલાવતા. સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેતા ૩ વખત જેલવાસ થયો હતો. શ્રી કુંવરજી જેઠાભાઇ ધરમશી કસાયેલું શરીર ધરાવતા હતા. તેઓ લાલબાગના મિલ કામદારોની સુખાકારી માટે લડતા. સામાન્ય પ્રજાને આઝાદીની ચળવળ સાથે જોડવા લાલબાગ, મુંબઇમાં ૧૯૩૪ ગણેશોત્સવ શરૂ કર્યો. ૧૯૩૨થી ૧૯૫૧ સુધી મ્યુનિસિપાલ કાઉન્સીલર રહ્યા. લાલબાગ માર્કેટને એમનું નામ આપવામાં આવ્યું છે.

શ્રી ખીમજી ઘેલાભાઇ ખોના ૧૯૩૩થી ૧૯૪૪ સુધી કોંગ્રેસ પાર્ટીમાં મંત્રીપદે અને ખજાનચી પદે હતા. મુલુંડ, મુંબઇના નમુનેદાર ટાઉન પ્લાનિંગમાં એમણે મોટો ભાગ ભજવ્યો હતો.

જે.પી. શ્રી ખીમજી હીરજી કાયાણી : કચ્છની પ્રજાની બેહાલી જોઇ અને મહારાવ શ્રી ખેંગારજીનું ધ્યાન દોરવા ભૂજની બજારમાં ખરી બપોરે ફાનસ લઇને નીકળ્યા હતા. ૧૦.૦૫.૧૯૦૩ના રોજ 'શ્રી કચ્છાધિપતી પ્રત્યે વિજ્ઞપ્તિ' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. કન્યા વિક્રય અને બાળલગ્નના દુષણ સામે લડવામાં તેમનો ફાળો બહુ જ હતો. જ્ઞાતિના કુરિવાજોને નષ્ટ કરવા અડગતાપૂર્વક લડ્યા હતા.

ડૉ. પુનશી હીરજી મૈશેરી નું દવાખાનું અને ઘર બન્ને મસ્જીદ બંદરમાં હતા.૧૯૧૩માં મુંબઈ મહાનગરપાલિકામાં ચુંટાયા હતા. હિંદુ મુસલમાનો વચ્ચેના કોમી તોફાનોમાં બન્ને કોમના અગ્રણીઓને બોલાવીને સમજાવતા. તેમની સલાહ બન્ને કોમો માન્ય રાખતી અને હુલ્લડો શાંત થતાં. તેમણે અંગ્રેજો સાથે પણ સંબંધો નીભાવ્યા તો બીજી બાજુ હિંદુ મુસલમાન કોમી એકતાના પ્રતિક બની રહ્યાં.

રાયચંદ પિતાંબર નાગડા - ખંડવા. સરદાર પટેલે તે સમયે મધ્ય ભારત વિસ્તારના કાર્યકર તરીકે રાયચંદભાઈના નામની ભલામણ કરી હતી. ૧૯૨૩માં કોંગ્રેસમાં જોડાયા. તેમણે છ માસની જેલની સજા પણ ભોગવી હતી. તેઓ અસ્પૃશ્યતાના વિરોધી હતા અને નગરના સફાઈ કામદારો સાથે સમુહ ભોજનનો કાર્યક્રમ યોજ્યો હતો.

શ્રી લખમશી મેઘજી ધરમશી મુંબઇમાં વિદેશી માલની હોળી કરવામાં અગ્રણી હતા. કાયદાના ઉલ્લંઘન માટે દોઢ વર્ષની જેલની સજા ભોગવી હતી. શ્રી પદમશી માણેકજી મૈશેરી સુભાષચંદ્ર બોઝને પોતાના પ્રેરણામૂર્તિ માનતા. તેઓ બોમ્બ બનાવવાની કળામાં બહુજ ઉસ્તાદ હતા. તેઓ ક્રાંતિકારી હતા. સુભાષચંદ્ર બોઝ જ્યારે પણ મુંબઇ આવતા ત્યારે એમને મળવા બોલાવતા. જયપ્રકાશ નારાયણ સાથે પણ તેમને નજીકના સંબંધો હતા. તેમને પદમશી બોમ્બ તરીકે ઓળખવામાં આવતા. તેઓ હંમેશા ભુર્ગભમાં રહેતા અને ક્યારે પોલીસના હાથમાં ન આવ્યા.

માતુશ્રી માનબાઈ રાયચંદ મોમાયા અને શ્રીમતી મણીબાઈ ચીમનલાલ મોતાએ પણ આઝાદીના ચળવળમાં ભાગ લીધો હતો અને જ્ઞાતિજનોની સેવા અને મહિલા ઉત્કર્ષનાં કાર્યો કર્યા હતા.

કદઓ સ્વતંત્રતા સેનાનીઓએ ક્યારે પણ સત્તાની લાલસા રાખી નહોતી. એમને ચુંટણી લડવા માટે કહેવામાં આવેલું પણ એમણે ક્યારે પણ આઝાદીની લડત અને સમાજ સેવા છોડીને રાજકારણમાં ભાગ લીધો નહતો.



**- CA કુલીનકાંત ચાંપશી લુઢીયા**

**9820039469**

**E-mail : manavjyot@gmail.com**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૮-૨૦૨૨


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨






**આડી ચાવીઓ :**

૧) યંત્રાધિરાજ (૪)
૪) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૬) નેમિનાથના માતાનું નામ (૪)
૭) પાલીતાણામાં આવેલ ..... આકારનું જીનાલય (૨)
૮) શત્રુંજયનું એક નામ (૫)
૧૦) ચક્રવર્તીના ચૌદ હોય (૨)
૧૧) અલગ અલગ...... ઓમાંથી છપ્પન દિકકુમારીઓ પ્રભુના જન્મોત્સવમાં આવે (૨)
૧૩) પરમાધામી દેવો કયાં ભયંકર વેદના આપે (૩)
૧૫) આ તપમાં દરરોજના સો ખમાસમણા આવે (૪)
૧૬) ઋષભદેવા .... પત્ની હતા (૧)
૧૭) સુમતીનાથના .... ગણધર હતા (૧)
૧૮) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૧૯) ભાંડકજીમાં આવેલ મુળનાયક (૪)
૨૨) .... માસના સળંગ ઉપવાસ ઢંઢણમુનીએ કર્યા હતા (૧)
૨૩) ફાગણીમાં છગાઉની.... થાય (૨)
૨૪) નરક એ દેવગતિમાં આ અવસ્થા ન હોય (૪)
૨૬) પ્રભુજી ઉપર તેજા લેશ્યાનો ઉપગ્રહ કરનાર (૩)
૨૯) ...... ઉપવાસ એટલે છટ્ઠ (૧)
૩૦) આનંદા પાર્શ્વનાથનું તીર્થ (૩)

**ઊભી ચાવીઓ :**

૧) શાંતિનાથ મુળનાયક હોય એવું ગુજરાતનું એક તીર્થ (૩)
૨) શત્રુંજયના છઠ્ઠા ઉદ્ધારક (૪)
૩) શત્રુંજય ઉપર .... આદેશ્વરનું જીનાલય પણ છે (૨)
૪) રોજ કરવાનું તપ (૪)
૫) અભિનંદન સ્વામીનું લાંછન (૩)
૬) પાલખી (૩)
૮) એક દેવલોકનું નામ (૩)
૯) બે પવિત્ર વૃક્ષો કયા તીર્થ ઉપર આવેલ છે (૩)
૧૨) કલોલ પાસે આવેલ એક તીર્થ (૪)
૧૪) કવડ યક્ષ એ શત્રુંજય તીર્થના ....... છે (૩)
૧૫) શંખેશ્વર પાસે આવેલ આદેશ્વરનું એક તીર્થ (૫)
૨૦) નવાણુની ...... શત્રુંજયમાં થાય (૨)
૨૧) રત્નાકરસૂરિજીને સહી માર્ગ ઉપર લાવનાર શ્રાવક (૩)
૨૫) ...... નો કાંટો કાઢતાં ભવનો કાંટો રોહિલૌય ચોરે કાઢ્યો (૨)
૨૭) તપસ્વીઓની પૂછાય (૨)
૨૮) પારણામાં અપાતું એક પ્રવાહી (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૭.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) લેપ (૩) છાશ (૪) મોહનખેડા (૬) રોહીણી (૭) ધ્યાન (૮) નાણા (૧૦) પક્ષાલ (૧૧) નિગોદ (૧૪) નાભિ (૧૫) ચૌદસ (૧૬) જીવ (૧૮) સુમતિ (૧૯) ચૌ (૨૦) હીરો (૨૫) ગરમર (૨૭) ભરહેસર (૩૦) સાપ (૩૧) યાત્રા (૩૨) માતર (૩૩) મહાવીર. **ઊભી ચાવીઓ :** (૨) પરોણા (૩) છાણ (૪) મોન એકાદશી (૫) નવપદ (૮) નાગનાગણ (૯) ચૌદ (૧૧) લઘુશાંતિ (૧૩) ગોડીજી (૧૭) વહી (૨૧) રોદ્ર (૨૨) સાગરોપમ (૨૩) ચાર (૨૪) દસ (૨૬) રત્નપુર (૨૭) ભદૈયા (૨૮) હેમ (૨૯) રજત.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.**

# બાયઠવાસી ક.દ.ઓ. પરિવારો જોગ

## સામાન્ય સભાનું પરિપત્ર

આદરણીય સભ્યશ્રીઓ,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટની સામાન્ય સભા (સંયુક્ત સામાન્ય સભા) તા. ૨૫.૯.૨૦૨૨ને રવિવારના બપોરે ૩.૦૦ કલાકે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૮૦ મધે રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે. નીચે દર્શાવેલ કાર્યસૂચી (એજન્ડા) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### એજન્ડા (કાર્યસુચી)

૧. ગત મીટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી.

૨. ટ્રસ્ટ બોર્ડમાં થયેલ ફેરફારની જાણકારી આપી બહાલી મેળવવી.

૩. અતિથીગૃહ તથા ઉપાશ્રયમાં થયેલ રીપેરીંગ કાર્ય તથા રંગ રોગાન વખતે થયેલ ખર્ચની જાણકારી આપી બહાલી મેળવવી.

૪. દેરાસરજીના જીર્ણોદ્ધાર (નવું બાંધકામ) અંગે ચર્ચા અને નિર્ણય લેવા બાબત.

૫. દેરાસરજીની ધૃત ઉછામણીઓ અને બાકી રહેતી રકમ વસુલ કરવા બાબત ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા.

૬. આવતા વર્ષે આપણા શ્રી મહાવીર સ્વામી જીનાલયની ૭૨મી ધ્વજા આરોહણ માટે તા. ૨૯.૧.૨૦૨૩થી તા. ૩૦.૧.૨૦૨૩ સુધી ધ્વજા મહોત્સવની કાર્યવાહી કરી ઉછામણીઓ કરવી.

૭. વાર્ષિક ચડાવાઓની ઉછામણી કરવા બાબત.

૮. મહાજનવાડીની બાજુમાં આપણે કરેલ બાંધકામ બાબતે રજુઆત કરી બહાલી મેળવવી.

૯. આપણી વસ્તી ઘટતી જતી હોવાથી મહાજનવાડીમાં કોઈપણ કાર્યક્રમ થઈ શકતું નથી. તેથી એ જગ્યાએ આપણા જ્ઞાતિજનો માટે આવાસ યોજના બનાવવા બાબત ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

૧૦. આપણી બંને સંસ્થાઓની ચુંટણી બંધારણ પ્રમાણે અલગ અલગ કરવી પડતી હોવાથી બંને સંસ્થાઓની ચુંટણી એકજ સમયે થાય તે બાબત નિર્ણય લેવા કાર્યવાહી કરવી.

૧૧. પ્રમુખશ્રીની મંજુરીથી કે એમના દ્વારા અન્ય જે કાંઈ રજુઆત થાય તે.

૧૨. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે જેમાં કોરમનો બાધ રહેશે નહીં.

**એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન બાયઠ તથા**
**બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટના માનદ્‌મંત્રીઓના જયજીનેન્દ્ર**

---

**માનનીય ગામાઈ પરિવારો તથા આપણી નિયાણી બહેનોના પરિવારો.**

તા. ૨૫.૯.૨૦૨૨ ના સાંજના ૫.૦૦ કલાકે યોજાનાર સ્નેહ મિલનમાં આપ સૌને પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.સાંજે સાધર્મિક ભક્તિનો લાભ લેશું.

ઉપરોક્ત સ્નેહ મિલનમાં બાયઠના ક.દ.ઓ. તથા ક.વી.ઓ. પરિવારો બંને સમાજની નિયાણીઓ સહિત સહકુટુંબ ભાગ લઈ શકશે. નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવાનાં ભાવભર્યું આમંત્રણ.

સ્નેહમિલનમાં આપણા મહાવીર સ્વામી જીનાલયની ૭૨મી ધ્વજા નિમીત્તે તા. ૨૯.૧.૨૦૨૩ તથા તા. ૩૦.૧.૨૦૨૩ના બે દિવસીય ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે ધ્વજા મહોત્સવની ઉછામણીઓ તથા વાર્ષિક ચડાવાઓની ઉછામણી તે સમયે કરવામાં આવશે. ઉછામણીઓમાં બંને સમાજ હર્ષભેર ભાગ લઈ શકશે. તો આપ સૌ ગામાઈ પરિવારો તથા નિયાણી પરિવારોને સહકુટુંબ સમયસર પધારશો એવી નમ્ર વિનંતી.

**એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ - બાયઠ જૈન સંઘના જય જીનેન્દ્ર.**

# વેદના વૃદ્ધ જનોની...

ધીમે ધીમે તું વૃદ્ધિ પામી વૃદ્ધ થા, કાં પછી સર્વસ્વ ત્યાગી બુહ થા !

સ્નાન હો ઘરમાં કે પછી ગંગા તટે, છે શરત એટલી કે તું ભીતરથી શુદ્ધ થા -ઝવેરચંદ મેઘાણી

ઈશ્વર નિર્મિત આ જીવસૃષ્ટિમાં પશુ-પંખી-ફળ-ફૂલ-પાન જેનો જન્મ છે, તેનો નાશ નિશ્ચિત છે. હા સમય સહુનો ઓછો વત્તો હોય. આગીયા જેવા જીવ ક્ષણિક ઝબકાર આપી નાશ પામે છે, તો હાથી જેવા પ્રાણીઓ વધુ વર્ષો જીવી જાય છે. પર્ણ-પુષ્પ વસંતનાં આગમને ખીલે છે, તો પાનખરે ખરી પડે છે. આવાગમનના આ ચક્રમાંથી મનુષ્ય પણ બાકાત નથી. વિધાતાએ લખેલ વિધાન અનુસાર તે જન્મે છે અને ભાગ્યમાં લખાયેલ દિવસ-મહિના વર્ષનું આયુષ્ય ભોગવી પુનઃ પંચમહાભૂતમાં વિલીન થઈ જાય છે. ફરક માત્ર એટલો તે બુદ્ધિશાળી જીવ હોય તે દરેક બાબતનો વિચાર કરી જીવી શકે છે.

જન્મ લેવું, ઉછેર થવો, અભ્યાસ કરવો, ખેલ-કુદ, મનોરંજન કરવા, પગભેર થવા પેટીયું રળવું, પરણવું, પત્ની-સંતાન પરિવારની કાળજી લેવી અને વયની સાથે વધવું... બસ આટલી જ જીવનની તારવણી કહી શકાય. બહુ બહુ તો સામાજીક - રાજકીય - રમતગમત - મનોરંજન ઈત્યાદિમાં રસ-રૂચિ રાખવી, સાધન સંપન્ન થતાં બે પૈસા સદ્‌માર્ગે વાપરવા એટલે શું પોતાની ફરજ પૂર્ણ! સામાન્યતઃ આજના મનુષ્ય જીવનની આ જ ઘટમાળ બની રહી છે, અરે, આનાથી વધુ વફાદારી તો બિલાડી-કુતરા વગેરે જેવા પાલતુ પ્રાણીઓ નિભાવતા હોય છે, જેઓને ચાર-દિવસ સામેથી બોલાવી બે ટુકડા રોટલી કે અડધી વાટકી દૂધ આપીએ તો પૂંછડી પટપટાવતા આપણી આસપાસ ફરી વળે છે, અને નિયત સમયે આપણા આગમનની રાહ જુએ છે.

વિકસતા જતાં વિજ્ઞાન, વધતા જતાં આધુનિક ઉપકરણો અને વારે-તહેવારે શોધાતી નિતનવી ઔષધિઓનાં સેવન દ્વારા મનુષ્ય પહેલાની સરેરાશ આયુષ્યમાં એકાદ દાયકાનો વધારો કરવા પણ શક્તિમાન બનેલ છે, તેની જગતે નોંધ લેવી જ રહી.

સરેરાશ આયુષ્ય વધવા પામેલ છે, તે માનવમાત્ર માટે ભલે ગૌરવની વાત કહેવાય પણ જે સંતાનો પોતાની ઉજ્જ્વળ કારકિર્દી ઘડવા ઊચ્ચ અભ્યાસાર્થે ડોલરીયા દેશોમાં પ્રસ્થાન કરે છે અથવા પરિણય પશ્ચાત યેન-કેન-પ્રકારેણ પોતાની ભાર્યા-સંતાન સાથે અલગ વસવાટની વ્યવસ્થા કરે છે, જે વધતી જતી વૃદ્ધાવસ્થાને વરેલા આપણા માતા-પિતાની સીધે સીધી અવહેલના અને બીજા શબ્દોમાં સરેરાશ આયુષ્ય વધવાને અભિશાપ જ ગણી શકાય! પરિવારની જીવાદોરી સંભાળવાની પૂરેપૂરી જવાબદારીમાં રાત-દિવસનું ભાન ભૂલી જુવાનીનાં જોશમાં કરેલ નાસભાગ - દોડધામનો થાક આવા અવસરે દરેક વૃદ્ધજનને વયથી વધુ વૃદ્ધજન હોવાનો અનુભવ કરાવે છે. ઉંમર વધતા ક્ષીણ થતી બુદ્ધિ, અશક્ત હાથ-પગના પરિણામે પરિભ્રમણમાં પરેશાની, નયન નબળા પડતા દ્રષ્ટિ દોષ, કાનની તકલીફને કારણે આવતી બહેરાશ, અનિયમીત શ્વાસોચ્છવાસ જેવી બિમારીઓની અસર આવા સમયે અધિક અનુભવાય છે.

સાઈઠથી સિત્તેર વર્ષની વયનાં વડીલો તો હજી પણ ક્યાંક હાડમારી કરી જે મળી તે મળી નોકરી સ્વીકારી આર્થિક ઉપાર્જન કરી લે છે, પણ સીત્તેર વર્ષની ઉપરના દંપતિઓ અથવા એકલવાયા વડીલો માટે તો જીવનની પાછલી અવસ્થાનો આજે સમય એવો હોય છે જેમાં ઘરમાં ફાવે નહીં, બહાર જવાય નહીં, ખાવું ભાવે નહીં, ભાવે એ ખવાય નહીં, નિંદ્રા આવે નહીં, સંતાનોની વાતો ગમે નહીં, બોલીએ તે કોઈ સાંભળે નહીં, કોઈ બોલી જાય એ સંભળાય નહીં, કોકની પાસે બેસીએ એ ગમે નહીં અને કોઈ આપણી પાસે બેસે નહીં. પોતાનાજ ઘરમાં પારકું લાગે ત્યારે આર્થિક ઉપાર્જન પણ એક મોટી સમસ્યા બની રહે છે. સંતાનની સાથે રહેતા હોય તો પણ લાચારીવશ જરૂરિયાતના ખર્ચ માટેના ફદિયા માંગતા ક્ષોભ અનુભવતા હોય છે અને તેમાં વળી ઘૂંટણની શસ્ત્રક્રિયાઓ, મોતીયા-ઝામરબીંદુની શસ્ત્રક્રિયા, અલ્ઝાઈમર, કમરનો દુખાવો, બ્લડ પ્રેશર વગેરે ઘર કરી ગયેલ કાયમનાં દર્દોની સારવારના ખર્ચાઓ આદિવર્ણન કરવા અતિ દુષ્કર સાબિત થાય છે, તેટલું ઓછું હોય તેમ મેડિક્લેઈમ પોલીસીના પ્રીમિયમમાં વર્ષાનુવર્ષ વધારો થતો રહેતો હોય, જે છ દાયકા પર્યંત મહામહેનતે પોતાના ભવિષ્યકાજે સંચય કરેલ મૂડીમાંથી ખર્ચ થઈ જતાં

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

હોય છે, પણ ત્યારબાદ શું ?? ક્યાં અને કોની પાસે હાથ લાંબો કરવો ? એક વખત ઊછીના લઈ પણ લેવાય તો પરત ફેડવાના ફાંફાં.

જીવનની પાછલી અવસ્થાનો આજ સમય એવો હોય છે, જેમાં દરેક વૃદ્ધજનને પોતાનું કો'ક સાથે હોય, નિરંતર પાસે હોય તેવી આશા સેવતા હોય છે, તેવા સમયે કો'ક પાસ-પડોશી-મિત્ર-સહિયર તેમની પાસે બે ઘડી આવી, બેસી તેમની ખબર અંતર પૂછે, તેમની મનગમતી ખાવાની વાનગી લાવી ખવડાવે, તેમના રસરૂચિના મનોરંજનનાં કોડ પૂરા કરે, તો તો એમણે વિના સ્પર્ધાએ સ્મૃતિચંદ્રક મેળવ્યાની અનુભૂતી કરતા હોય છે. પણ જમાનાના રંગે રંગાયેલ સંતાન કે પછી દિનપ્રતિદિન વધતી જતી માનવની લાલસાનાં પરિણામે મોટા થતાં જતાં આવાસ, પણ હૃદયની વધતી સંકડાશ જેવા વાતાવરણમાં શું આવું સંભવી શકે ખરું !..

ઘડપણ દુઃખના ડુંગર સમાન હોઈ સંતાનથી વિખુટા પડેલ માતા-પિતા પોતાના આત્મીય સ્વજન કે સંબંધીઓ સમક્ષ તેમના હૃદયની વ્યથા ઠાલવી હળવા થવાનો પ્રયત્ન અવશ્ય કરી લેતા હોય છે, પણ તે પણ કેટલો સમય? આખરે તેઓને પણ આ નિત્ય ક્રમના શિકાર થવાનું જ હોય, છે !

વૃદ્ધ એટલે વંદનીય, વૃદ્ધ એટલે અનુભવની ખાણ, વૃદ્ધ એટલે પરિવારના શિરછત્ર, ને બદલે હવે તો વૃદ્ધ એટલે ખખડધજ હવેલી, વૃદ્ધ એટલે તુટેલું વાસણ, વૃદ્ધ એટલે સડી ગયેલ ફર્નિચર. એક ઉક્તિ અનુસાર ઘરડા ગાડા પાછા વાળે' તેનાથી વિપરીત ઘરડાને ગાંડા ગણી સંતાન ઘર બહાર કાઢે જેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ થઈ છે.

પરિવારથી વિખુટા થયેલ સંતાનના વડીલ જ આવી યાતનાઓ ભોગવી રહ્યા છે એવું નથી, લોકલાજે સંતાનના સાથે રહેનાર વડીલ પણ આમાંથી બાકાત નથી રહ્યા. 'ઘેર ઘેર માટીના ચુલા'ની ઉક્તિ અનુસાર આવા વૃદ્ધજનોને ઘરકામ કરવા આવનાર માણસો સાથેની કટકટ માટે દોષીત ઠેરવવામાં આવે છે, એકથી અધિક સંતાનો હોય તો તેઓના વસવાટ માટે વારાઓ કાઢવામાં આવે છે, નિવૃત્તિ લઈને ઘરે રહેતા વડીલો પુત્રવધુના એટીટ્યુટના પરિણામે નિરંતર અપમાનીત કરાતા રહે છે, ઘરોમાં યોજાતી કીટી પાર્ટીઓ સમયે તેમને રીતસર રૂમમાં કેદ કરી દેવાય. અરે, એકવાર તેઓની સંચય થયેલ ધન-સંપત્તિનું તેમની હયાતીમાં વિતરણ થઈ ગયા બાદ તો નાની-મોટી દરેક બાબતોમાં સદંતર ઉપેક્ષા કરવામાં આવે છે. ત્યારે યાદ આવે સંયુક્ત કુટુંબમાં એક જ છત નીચે વસવાટ કરતા, વિશાળ હૃદય ધરાવતા અગાઉની પેઢીના આપણા વડવાઓની વાતો.

ચોરીના ચાર ફેરા લઈ જીવનભર સાથ નિભાવવાના કોલ આપનાર દંપતિ આ બુઢાપાની લાચાર પરિસ્થિતિમાં એકમેકની સાથે હોય ત્યાર પર્યંત ઠીક છે, પણ નિયતીને આધીન એકાદ પૈડું રથથી વિખૂટું પડી જાય ત્યારની સતત કોરી ખાતી એકલતા, મજબુરીવશ લેવાતા શ્વાસોચ્છવાસ કાળનો કોળીયો બની પરલોકના માર્ગે સિધાવવા લઈ જાય તેની અનિમેષ નયને રાહ નિહાળે છે.

ઠેરઠેર બિલાડીના ટોપની માફક ફુટી નિકળેલા વડીલ આવાસ, બીજી ઈનીંગ, ઘરડાઘરો, વૃદ્ધાશ્રમોના સંચાલકો લોભામણી અને આકર્ષક ઓફરો આપી આજકાલની પેઢીના સંતાનોને તેઓના વૃદ્ધ માતા-પિતાને અહીં આશ્રય અપાવવા સફળ જરૂર થાય છે, પણ તેઓની પાસે અહીંયા બહારથી હસતા અને અંદરથી તુટેલા, ભગ્ન હૃદયે જીવતા આપણા વડીલજનોની દયનીય અવસ્થા કે માનસિક યાતનાનો કોઈ સુચારૂ ઉકેલ હોય ખરો ?? તેઓનું નિર્દેપ હાસ્ય, હૃદયની ઊર્મિઓ અકબંધ રાખવા કે પરત લાવવાની કોઈ સઘન વ્યવસ્થા ખરી???... કે પછી આમ જ વૃદ્ધત્વની વેદનાઓ મૂંગે મોઢે જીવતા દિવસો પુરા કરવાના ??? ક્યારે સમજ આવશે આજના સંતાનોમાં કે ''મુજ વિતી તુજ વિતશે ધીરી બાપલિયા..''

મા-બાપનું શિરછત્ર ગુમાવી દેનાર કો'ક સંતાનો આવા એકલ-દોકલ વૃદ્ધજનોને દત્તક લઈ તેમની સાર-સંભાળ રાખવા આગળ આવશે તો જરૂર તેઓના જીવનના તિમીરમાં એક દીપ જ્યોત જળહળી ઉઠશે.

અને છેલ્લે... જુવાનીના જોશમાં ઘરના વડીલ વિસરાઈ જાય છે, એ જ જુવાની જ્યારે વૃદ્ધત્વમાં ફેરવાય... ત્યારે કરેલ અપરાધની માફીના કમાડ વસાઈ જાય છે.



**- જ્ઞાનેશ જયચંદ લાપસિયા**
મુલુંડ, ચેકનાકા, મો. ૯૯૨૦૫ ૧૩૪૯૩

**Exclusive Embroidery & Upto date Finishing**
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


ભાગ - ૧૭

## ‘‘પાંજો કવિ તેજ, ડોંબીવલીના આંગણે’’



(સોમ ધરમશી અને કવિ શ્રી તેજ)

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીના આંગણે
‘‘ મનખેજો મેડ઼ો ’’
કાર્યક્રમમાં (દિનાંક : ૩૦/૦૫/૧૯૯૩)
પોંખાયેલ મૈત્રીનાં બીજ સંવર્ધિત થઈ
પાંગરી વિરાટ વૃક્ષમાં પરિણમ્યા.

આજના લેખમાં અસલમાં તો શ્રી હંસકુમાર દામજી મૈશેરી, અચલગચ્છની અધિષ્ઠાયીકા શ્રી મહાકાળી માતાજીનાં ૫૫ વર્ષથી ઉપાસકની મુલાકાત છાપવી હતી. પણ તકનીકી રૂકાવટના કારણે શક્ય બન્યું નથી. ક્ષમસ્વ...

હું અત્તીતની અટારીમાં અટવાઈ જાવું છું, સરી પડું છું વર્ષ ૧૯૯૩માં લગભગ ૩૦ વર્ષ પહેલા... હું ત્યારે શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીનો પ્રમુખ હતો. મંડળનાં ફંડ માટે અમે શ્રી લાલ રાંભિયાનાં ડાયરાનું ‘‘મિઠા રે પાં કચ્છજા માડુ’’નું આયોજન કર્યુ અને આ કાર્યક્રમનાં ચેરમેન તરીકે શ્રી નરેન્દ્ર જેતશી શિયાળ (દલતુંગી-ડોંબીવલી) મંડળનાં ઉત્સાહી કાર્યકરની નિમણુંક કરી.

અમારી સાથે તે વખતે મંડળના અન્ય પદાધિકારીઓ અને કારોબારીના સભ્યોએ પણ ખભે-ખભા મિલાવી આ કાર્યક્રમ માટે સહકાર આપવા તન-મનથી આગળ આવ્યા : (૧) સ્વ. શ્રી ડૉ. દિનેશ વિરચંદ દંડ-માનદ્‌મંત્રી (બાયઠ), (૨) શ્રીમતી રાજુલા પ્રતાપ વિકમશી-સહમાનદ્‌મંત્રી (જખૌ-ઘાટકોપર), (૩) સ્વ. શ્રી નરશી વિશનજી દૌલત-ઉપપ્રમુખ (સુથરી), અને શ્રી નિતિન રાયચંદ સાયલા-માનદ્ ખજાનચી (સુથરી-ડોંબીવલી-ભાડુંપ).

શ્રી લાલ રાંભિયા સાથે કાર્યક્રમની ચર્ચા વિચારણા કરતા વિનંતી કરી કે કચ્છી કવિઓની ફક્ત રચનાઓને સૂરમાં સંગીતબદ્ધ કરી પ્રસ્તુત કરવાનાં બદલે કવિઓને પણ સ્ટેજ ઉપરથી તેમના કાવ્યોનું પઠન કરવા વિનંતી કરવી અને નામ સુચવ્યા : શ્રી રવિ પેથાણી ‘‘તિમિર’’, શ્રી જગદીશ ગોર ‘‘શરમાળ’’, શ્રી તેજપાલ ધારશી નાગડા ‘‘કવિ તેજ’’.

**શ્રી લાલભાઈએ માથું ખંજવાળતાં કહ્યું કે ‘‘તેજ’’ મુંબઈ નહીં આવે.**

આપણી જ જ્ઞાતિનો કચ્છી ભાષાનો શિરમોર કવિ ‘‘તેજ’’ મુંબઈ ડોંબીવલીના આંગણે જ્યાં કચ્છી લોહાણા, ભાટિયા, બ્રાહ્મણ, ક.દ.ઓ અને ક.વિ.ઓ જૈનની ભરચક વસ્તી છે ત્યાં નહીં આવે તે સાંભળવું અસહ્ય લાગ્યું. કાર્યક્રમનાં સુત્રધાર શ્રી નરેન્દ્રભાઈની વિનંતીને માન્ય કરી અમે બે જણા, ડ્રાઈવર અને મારી પત્ની સહિત, લગભગ ૧૯ થી ૨૦ કલાકની અવિરત મુસાફરી મારી જુની ફિયાટ ગાડીમાં સવાર થઈ નીકળી પડ્યા. બીજા દિવસે બપોરના પહોંચ્યા નલિયા, કવિ તેજનાં ઘરે...

કવિશ્રી તેજના ભત્રીજા શ્રી મહેશભાઈએ કહ્યું કે ‘‘તેજભા આરામ ફરમાઈએં તાં, ઉથીઆરીયાં...’’ મેં કહ્યું ‘‘સિંહ તો સુતેલો જ સારો, કવિશ્રી ઉઠે ત્યારે અમને બોલાવજો, ત્યાં સુધી ચા-પાણીની વ્યવસ્થા કરો.’’

કવિ તેજ નાં ઘરે અમારા પોખણાં થયાં તેમનો ધરાર નન્નો સાંભડીને. અમે આશાનો તંત પકડી રાખ્યો. તેમની સાથે દલીલો કરી તેમને મનાવ્યા અને તેમની ત્રણ શરતો માન્ય રાખી (૧) સાદું, મિઠાઈ અને ફરસાણ વગરના જમણની વ્યવસ્થા કરવી. (૨) સાદા રૂમમાં ઉતારો આપવો. એ.સી. રૂમ કે હોટલમાં નહીં. (૩) સામાન્ય જનતાના સંપર્કથી દૂર રાખવો, હૂં ઓછું સાંભળું છું- જવાબ આપતા-આપતા થાકી જઈશ.

છેવટે તેઓ ડોંબીવલી કાર્યક્રમાં જોડાશે તેની ખાતરી લઈ

ગાંધીધામ જઈ, તેમની ટ્રેનની ટિકીટ કઢાવી તેમના વડીલ શ્રી સોમચંદ ધારશી નાગડાને સુપ્રત કરી.

શ્રી સોમચંદ ભાઈએ અમને જણાવ્યું કે ''તેજજો ભરોસો ન કઈજા, ઈ ન પણ અચેં...''

પણ અમારા અનહદ આશ્ચર્ય વચ્ચે કાર્યક્રમનાં બે-ચાર દિવસ પહેલાં લાલભાઈનો ફોન આવ્યો કે ''કવિ તેજે બે ચાર નવી રચનાઓ મોકલી છે. જેને સુર અને સંગીતથી મઢી કાર્યક્રમમાં રજુ કરવાની છે. તમે તો ભાઈ કમાલ કરી, ''તેજ આવે છે...''

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ડૉ. શ્રી ગુલાબ દેઢીયા, ગાયક તરીકે શ્રી વિશનજીભાઈ, કુ. ગીતા ધરોડ અને શ્રી લાલ રાંભિયા. ગુજરાતી ડાયરાના સંગીતકાર શ્રી વિક્રમ નિઝામાએ કિ-બોર્ડ ઉપર સંગીતની સુરાવલી વ્હેવડાવી, તબલાની થાપ ઉપર પ્રેક્ષકોને શ્રી ધીરૂભાઈ પ્રજાપતિએ મુગ્ધ કર્યા, શરણાઈના સુર રેલાવ્યા શ્રી સંભાજી ધુમાલ, સાઈડ રિધમ સંભાળી શ્રી નવિન મનરાજાએ, અને કાર્યક્રમને ભૈરવી સંભળાવી વહેલી સવારના પૂર્ણ કર્યો.

આજથી લગભગ ૨૦ દિવસ પહેલાં કોડાય ચોકડી (મારા નિવાસ સ્થાનથી ૫૦૦ મીટર દુર) પર શ્રી લાલ રાંભિયા મળી ગયા. ચાયની ચુસકી લેતાં, અલકમલકની વાતો કરતાં, વિવેકગ્રામ પ્રકાશન દ્વારા પ્રકાશિત તેમના ''કલાયાત્રાનાં સંભારણા''ની વાત નીકળી અને મને તે પુસ્તક સહયાત્રીની યાદગીરી રૂપે ભેટ મળ્યું. ઈ.સ. ૧૯૯૩ના ડોંબીવલીના ડાયરાને તેમણે ''સંભારણા''માં સમાવી લીધો તેમના જ પુસ્તકમાંથી સાભાર.

**''આવઈ અષાઢી બીજ''**

જોતજોતામાં કચ્છી ડાયરો ચલણી બની ગયું. ''મિઠા રે પાં કચ્છજા માડું'' લોકજીભે રમતું થઈ ગયું. દરેક ડાયરામાં મૂડ અને માહોલ પ્રમાણે નવી રચનાઓ અને વાતો ઉમેરતા ગયા. લોકચાહના એટલી હદે વિસ્તરી કે કાઠિયાવાડી/ ગુજરાતી ડાયરાના નામી કલાકારો સુદ્ધાં કચ્છી શ્રોતાઓની દાદ મેળવવા ''મિઠા રે પાં કચ્છજા માડું'' ગાવા લાગ્યા.

મધ્યમવર્ગીય કચ્છીઓના મથક ડોંબિવલીમાં 'આવઈ અષાઢી બીજ' ડાયરો યોજાયો. કચ્છીયતના ચાહક મિત્ર શ્રી સોમ ધરમશીએ પ્રેમથી, સમજાવટથી કવિ શ્રી 'તેજ' અને રવિ પેથાણીને કચ્છથી આ કાર્યક્રમમાં ખાસ નિમંત્ર્યા હતા. મરમી કવિ 'તેજ'ને લાઈવ સાંભળવા કોને ન ગમે ? ! ડાયરાનો ઉત્સાહ બેવડાયો. અઢી-ત્રણ હજાર શ્રોતાઓને સમાવવા આયોજકોએ ખુલ્લા મેદાનમાં ડાયરો ગોઠવ્યો. કચ્છ અને અષાઢી બીજનાં મહિમાગાન કરતા દુહાછંદની રમઝટ બાદ અષાઢી ગાયક વિશનજીભાઈએ સ્વરચિત ગીત 'વસ રે તું મેવલા વસરે વઠો' ઉપાડ્યું ને વરસાદ શરૂ થયો !

સ્વાભાવિક રીતે જ શ્રોતાઓમાં નાસભાગ શરૂ થવામાં જ હતી ને મને શું સુઝ્યું કે માઈક લઈને મેં શ્રોતાઓને ભાગવાને બદલે મેઘરાજાને વધાવવાની વાત માંડી... કહ્યું ''કચ્છમાં દુકાળોની પરંપરાઓને કારણે ખરો કચ્છીમાડુ વરસાદથી રાજી થાય. અને મેઘલાડુ પ્રસાદરૂપે આપવા નિકળી પડે. એમાંયે અષાઢી બીજની ઉજવણીમાં વરસાદ એ તો મેઘરાજાની મહેર...''ને એવું બધું મા સરસ્વતિએ જે સુઝાડ્યું એ ગાઈબોલી નાખ્યું, જેની ધારી અસર થઈ. શ્રોતાઓએ વરસતા વરસાદે ડાયરો માંણ્યો. જો કે થોડીવાર પછી વરસાદ રહી ગયો પણ ઉત્સાહ એવો વધ્યો કે ડાયરો વહેલી પરોઢ સુધી ચાલ્યો. કવિ 'તેજ' પણ ખીલ્યા. આ એક યાદગાર ડાયરો બની રહ્યો.

આ કાર્યક્રમની પૂર્ણાહુતિ પછી આજે પણ આંખની સામે એ સમગ્ર કાર્યક્રમ એક ફિલ્મની રંગીન પટ્ટીની જેમ ફરતો દેખાય છે. કોઈપણ કાર્યક્રમ રાત્રિના ૧૦.૩૦ કે ૧૧ પછી જાહેર સ્થળે ચલાવવો મુશ્કિલ હોય છે, પણ ''ગાંધી બાપુ'' ત્યાં કામ આવી ગયા.

આજે ''ચલતે... ચલતે...''ના પાના પરથી શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીના તે વખતના પદાધિકારીઓ અને સમગ્ર કાર્યકારી સમિતિ તેમજ અન્ય સ્વયંસેવકોએ જે ઉત્સાહ અને ઉષ્માથી આ કાર્યક્રમની સફળતામાં સાથ અને સહકાર આપ્યો તેમનો હું હંમેશા ઋણી રહીશ.

આ કાર્યક્રમની સફળતાથી મને એક મોટો ફાયદો થયો. બીજા દિવસે કવિશ્રી તેજ ને મુંબઈ મ્યુઝિયમ પાસે આવેલ પક્ષી વિશારદ શ્રી સલીમઅલી સેન્ટરની મુલાકાતે- ત્યાં તેમને એકાંદ-બે પુસ્તક પસંદ પડ્યા, તેમના આગામી પ્રકાશન ''પખિયનજિયું પિરોલિયું'' માટે પણ તેઓશ્રી સેન્ટરના આજીવન સભ્ય ન હોવાથી સેન્ટરની બહાર પુસ્તક પણ લઈ જઈ શકે તેમ ન હતા.

હું તેમને ફલોરા-ફાઉન્ટન પર આવેલ ન્યુ બુક ડેપોમાં લઈ ગયો- પુસ્તક મળતા તેમના મુખ પર જોયેલ રાજીપો આજે પણ યાદ છે...

આવતા અંકમાં શ્રી લાલ રાંભિયા લિખીત વિવેકગ્રામ પ્રકાશન પ્રકાશિત ''કલાયાત્રાના સંભારણા'' પુસ્તક વિશે વધુ વિગતવાર વાતો કરીશું...

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || **ટ્રસ્ટ રજી. નંબર : A – ૫૬૪ (કચ્છ)**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ વર્ષ ૨૦૨૧-૨૨ નું આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| દુકાન ભાડો | | ૩૭,૯૫૦.૦૦ | મરામત ખર્ચ મીલકત | | ૭,૩૭૫.૦૦ |
| વ્યાજ આવક | - | | વહીવટી ખર્ચ | - | |
| બેંક એફ.ડી. વ્યાજ | ૩,૧૩,૩૦૭.૦૦ | | સ્ટાફ પગાર, બોનસ | ૧,૭૫,૦૦૦.૦૦ | |
| ચાલુ ખાતો વ્યાજ | ૫૪,૦૪૮.૦૦ | | પોસ્ટેજ કોરીયર | ૪૫૦.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ | ૪,૮૯૩.૦૦ | ૩,૭૨,૨૪૮.૦૦ | બેંક કમીશન | ૯૦૦.૯૪ | |
| દાન ખાતે | - | | જાહેરાત ખર્ચ | ૪,૬૦૦.૦૦ | |
| સાધર્મિક ભક્તિ | ૭૪,૪૮૬.૦૦ | | પ્રીટીંગ ખર્ચ | ૫,૨૮૦.૦૦ | |
| આયંબીલ ભેટ | ૫૦૧.૦૦ | | ટેલીફોન ખર્ચ | ૧,૨૦૦.૦૦ | |
| સાધુસાધ્વી ભેટ | ૧૨,૫૪૦.૦૦ | | મુસાફરી ખર્ચ | ૭૦૦.૦૦ | |
| સંઘ જમણ ભેટ | ૪,૯૩,૬૮૬.૦૦ | | લાઈટ બીલ ખર્ચ | ૩૦,૨૫૦.૦૦ | ૨,૧૮,૩૮૦.૯૪ |
| સાધારણ ભેટ | ૨,૪૯,૭૯૧.૦૦ | | ઓડીટ તથા ઈન્કમટેક્ષ ફીસ | | ૫૪,૨૮૦.૦૦ |
| સર્વ સાધારણ ભેટ | ૬૫,૦૦૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૧૨,૫૪૮.૦૦ |
| પંચાન્હિકા મહોત્સવ ભેટ | ૫૦,૦૦૦.૦૦ | ૯,૪૬,૦૦૪.૦૦ | ડેડ સ્ટોક મરામત ખર્ચ | | ૨૦,૩૦૦.૦૦ |
| | | | ઘસારો | | ૨૩,૯૪૦.૦૦ |
| વાસણ ભાડે | | ૧,૦૦૧.૦૦ | ધાર્મિક ખર્ચ | - | |
| ચાલુ સાલે આવકથી ખર્ચ વધારે | | ૨,૧૭,૪૫૪.૯૪ | સાધારણ ખર્ચ | ૨,૧૧,૫૦૫.૦૦ | |
| | | | સાધુસાધ્વી ખર્ચ વૈયાવચ્ચ | ૭૬,૦૪૩.૦૦ | |
| | | | ચાતુર્માસ ખર્ચ | ૩,૬૫,૧૮૩.૦૦ | ૬,૫૨,૭૩૧.૦૦ |
| | | | સંઘ જમણ ખર્ચ | | ૫,૭૩,૯૯૨.૦૦ |
| | | | જીવદયા ખર્ચ | | ૧૧,૧૧૧.૦૦ |
| કુલ ₹ | | **૧૫,૭૪,૬૫૭.૯૪** | કુલ ₹ | | **૧૫,૭૪,૬૫૭.૯૪** |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૨ સુધીનું પાકુ સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ | લેણાં | | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | ૨૮૯૮૫૬૦.૭૫ | સ્થાવર મીલકત | | ૧,૧૨,૪૩,૬૧૦.૦૦ |
| આજીવન સભ્ય ફીસ | | ૨૮૨૭૦૦.૦૦ | રોકાણ F.D. ICCI બેંક નલીયા | | ૬૧,૨૨,૭૨૪.૦૦ |
| ભોજનશાળા ફંડ | | ૬૩૬૭૬૩૭.૧૩ | સ્ટોક તથા ફર્નીચર | | ૧,૭૪,૮૫૨.૦૦ |
| અંકિત દંડ | | ૧૯૪૫૬૦૯.૩૫ | ડીપોઝીટ લાઈટ મીટર | | ૧૬,૭૨૨.૦૦ |
| આવક જાવક ખાતુ | - | | ટી.ડી.એસ. આવવાનો | | ૩૫,૨૩૦.૦૦ |
| ગઈ સાલ સુધી જમા | ૬૮૫૭૪૮૨.૫૪ | | રોકડ તથા બેંક બેલેન્સ | - | |
| ચાલુ સાલનો નુકશાની | ૨૧૭૪૫૪.૯૪ | ૬૬૪૦૦૨૭.૬૦ | SBI બેંક નલીયા | ૨,૪૫,૧૭૯.૫૭ | |
| | | | ICICI બેંક નલીયા | ૧,૦૩,૮૦૮.૧૧ | |
| | | | અરિહંત બેંક, મુલુંડ | ૯૫,૪૯૭.૪૩ | |
| | | | પંજાબ નેશનલ બેંક, મુંબઈ | ૭૪,૮૪૧.૭૨ | |
| | | | શ્રી પુરાંત કેશ | ૨૨,૦૭૦.૦૦ | ૫,૪૧,૩૯૬.૮૩ |
| કુલ ₹ | | **૧,૮૧,૩૪,૫૩૪.૮૩** | કુલ ₹ | | **૧,૮૧,૩૪,૫૩૪.૮૩** |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

તા. ૧૦-૦૮-૨૦૨૨ ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** (LLP) (ગાંધીધામ – કચ્છ)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || **ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)**

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫.

## તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ વર્ષ ૨૦૨૧-૨૨ નું આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| ટાવર ભાડો, મકાન ભાડો | | ૬૩,૩૦૦.૦૦ | મરામત તથા રીપેરીંગ | | ૧૬,૯૪૪.૦૦ |
| | | | વહીવટી ખર્ચ | - | |
| વ્યાજ આવક | - | | સ્ટાફ પગાર, બોનસ | ૨,૮૧,૮૭૦.૦૦ | |
| ચાલુ ખાતા | ૮૭,૦૩૯.૦૦ | | લાઈટબીલ | ૧૨,૫૭૦.૦૦ | |
| ફિક્સ ડીપોઝીટ | ૫,૮૧,૧૫૧.૦૦ | | પોસ્ટેજ કોરીયર | ૧૦,૩૧૬.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ | ૪,૮૩૬.૦૦ | ૬,૭૩,૦૨૬.૦૦ | પ્રિન્ટીગ સ્ટેશનરી | ૧૯,૧૩૯.૦૦ | |
| | | | મુસાફરી ખર્ચ | ૭,૦૦૦.૦૦ | |
| સદ્ગૃહસ્થોની ભેટ | | ૨૮,૪૦,૩૫૨.૦૦ | પેટ્રોલ તથા રીપેરીંગ | ૧૧,૯૮૦.૦૦ | |
| સરકારી સબસીડી | | ૫,૩૮,૧૨૫.૦૦ | જાહેરાત ખર્ચ | ૧,૨૮,૨૫૫.૦૦ | |
| અન્ય આવક | - | | સભ્ય ફી | ૧૧,૦૦૦.૦૦ | |
| ખેતર ભાડો | ૧૧,૦૦૦ | | બેંક કમીશન | ૩૩૩.૪૯ | ૪,૮૨,૪૬૩.૪૯ |
| ઢોર વેચાણ | ૭,૫૦૦ | | ઓડીટ તથા ઈન્કમટેક્ષ ખર્ચ | | ૭૪,૩૪૦.૦૦ |
| ખાતર વેચાણ | ૪૮,૦૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૨૯,૧૬૦.૦૦ |
| દુધ, ઘી, છાશ | ૫,૬૪,૧૭૭ | | ઘસારો મોટર બાઈક તથા ફર્નીચર | | ૭,૩૮૨.૦૦ |
| ઢોર ભાડો | ૧૮,૦૦૦ | | ખેતીવાળી ખર્ચ | | ૨૯,૯૨૦.૦૦ |
| ખાલી બારદાન વેચાણ | ૨,૯૪૦ | ૬,૫૧,૬૧૭.૦૦ | પરચુરણ ખર્ચ | | ૪,૧૩૦.૦૦ |
| | | | પાંજરાપોળ રનીંગ ખર્ચ | - | |
| | | | ઢોર માવજત ખર્ચ | ૩,૦૭,૫૧૦.૦૦ | |
| | | | ઢોર ચાચણી ખર્ચ | ૩,૦૩,૨૪૪.૦૦ | |
| | | | દાઢર વતરા ખરીદ ખર્ચ | ૧૩,૭૨,૨૬૩.૦૦ | |
| | | | લીલોચારી ખરીદી ખર્ચ | ૨,૪૧,૫૦૦.૦૦ | |
| | | | ખાણ ભુસો ખરીદી | ૯,૩૩,૫૮૫.૦૦ | |
| | | | પક્ષીના ચણ | ૪,૯૬૬.૦૦ | ૩૧,૬૩,૦૬૮.૦૦ |
| | | | ખર્ચ થી આવકમાં વધારો | | ૯,૫૯,૦૧૨.૫૧ |
| | કુલ ₹ | **૪૭,૬૬,૪૨૦.૦૦** | | કુલ ₹ | **૪૭,૬૬,૪૨૦.૦૦** |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૨ સુધીનું પાકુ સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ | લેણાં | | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | ૨,૧૦,૭૯૨.૨૨ | સ્થાવર મીલકત | | ૨,૩૬,૪૬૩.૦૦ |
| જીવદયા કાયમી ફંડ | | ૧,૨૩,૨૮,૪૬૧.૭૩ | ગોડાઉન બાંધકામ | | ૫,૫૨,૨૮૪.૦૦ |
| ઢોર ભાડો ડીપોઝીટ | | ૯૦,૦૦૦.૦૦ | ખેતીવાડી જમીન N.A. ખર્ચ | | ૩,૩૧,૬૩૪.૦૦ |
| | | | રોકાણ F.D. | - | |
| | | | ICCI બેંક નલીયા | ૧,૦૫,૦૦,૦૦૦.૦૦ | |
| આવક જાવક ખાતુ | - | | પંજાબ નેશનલ બેંક મુંબઈ | ૧૨,૦૦,૦૦૦.૦૦ | |
| ગઈ સાલ સુધી આવક | ૨૪,૧૭,૫૨૪.૬૮ | | વ્યાજ વસુલીયાત | ૪,૭૫,૭૨૧.૦૦ | ૧,૨૧,૭૫,૭૨૧.૦૦ |
| ચાલુ સાલ વધારો | ૯,૫૯,૦૧૨.૫૧ | ૩૩,૭૬,૫૩૭.૧૯ | ફરનીચર + ડીક્ષયર | | ૫,૮૭૨.૦૦ |
| | | | મોટર બાઈક | | ૩૮,૧૩૮.૦૦ |
| | | | ઈલેક્ટ્રીસીટ મીટર ડીપોઝીટ | | ૪,૪૪૦.૦૦ |
| | | | સ્ટોક ઢાંડર વતરો ખાણ | | ૨,૪૭,૩૦૦.૦૦ |
| | | | T.D.S. આવવાનો | | ૮૦,૮૦૦.૦૦ |
| | | | રોકડ તથા બેંક બેલેન્સ | - | |
| | | | BOB બેંક નલીયા | ૯૫,૭૦૫.૧૪ | |
| | | | ICICI બેંક નલીયા | ૧૧,૯૪,૩૫૪.૦૦ | |
| | | | અરિહંત બેંક, મુંબઈ | ૩,૬૫,૬૪૯.૯૦ | |
| | | | પંજાબ નેશનલ બેંક, મુંબઈ | ૫,૮૬,૮૭૦.૧૦ | |
| | | | શ્રી પુરાંત કેશ | ૯૦,૫૬૦.૦૦ | ૨૩,૩૩,૧૩૯.૧૪ |
| | કુલ ₹ | **૧,૬૦,૦૫,૭૯૧.૧૪** | | કુલ ₹ | **૧,૬૦,૦૫,૭૯૧.૧૪** |

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

તા. ૧૦-૦૮-૨૦૨૨ ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** (LLP) (ગાધીધામ - કચ્છ)

આરોગ્ય પ્રકાશ

# પેઈનકીલર ટાળો, રસોડાની કુદરતી ચીજોથી દુઃખાવા મટાડો



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

સામાન્ય રીતે દુઃખાવો થાય કે આપણે તરત જ પેઈનકીલર દવા લઈએ છીએ. આ દવા દુઃખાવામાં રાહત આપે છે થોડા સમય માટે, પણ તે દુઃખાવો મટાડતી જ નથી ઉલ્ટું તેની આડઅસર જેમકે ઉબ્કા આવવા, ઉલ્ટી થવી, એસીડીટી, ડીપ્રેશન વધારે, પ્રતિકારક શક્તિ ઘટાડે. આવી દવા વારંવાર લેતા તેની અસર પણ ઘટતી જાય તેમ વધુ ગોળી લેવી પડે અને તેની આદત પણ પડે. આ લાંબો સમય લેવાથી પેટમાં અલ્સર થઈ લોહી જાય, પરિણામે લોહીની ઉણપ થાય, કીડની ફેલ્યર થાય. બાળકોને એસ્પીરીન (Aspirin) આપવાથી જીંદગી માટે જોખમી Reye's Syndrome નામની બિમારી થાય જે મગજ અને લીવરને શિકાર બનાવે છે. હાર્ટના દર્દીને રોજ એસ્પરીન લેવી પડે છે પણ લાંબા ગાળે એનાથી મગજમાં બ્લીડીંગ થઈ લકવો થઈ શકે. તો આ સર્વ નુકસાનથી બચાવે એવી કુદરતી દવાઓ જાણીએ.

૧) દાંતનો દુઃખાવો : દાંત દુખતો હોય કે દાંત હલતો હોય, મોઢામાં ફોડી થઈ હોય તો શુદ્ધ ઘાણીનું કે cold compressed તેલ અને ચપટી મીઠુ (સિંધવ નમક) મોમાં કોગળા પુરતું લ્યો. ૧૦ મિનીટ સુધી મોમાં ફેરવતા રહો પછી તે થુંકી નાખો. ધ્યાન આપો ૧૦ મિનીટથી વધુ મોમાં ફેરવવું નહીં. ઘાણીનું તેલ ન મળતું હોય તો ઘરમાં જે તેલ હોય તે વાપરવું (રિફાઈન્ડ તેલ કેમિકલ્સથી ભરપૂર હોય છે અને સર્વ સત્વોનો નાશ થયેલ હોય છે તેથી રિફાઈન્ડ તેલનો ઉપયોગ ખાવામાં કરવો નહિં). આનાથી દાંતનો દુઃખાવો મટશે, હલતો દાંત સ્થિર થશે, શરીરના ટોક્સીન બહાર નીકળશે. આ કોગળાનો પ્રયોગ કાયમ દર ૧૦-૧૫ દિવસે નિયમિત કરવાથી (દાંત દુઃખતો ન હોય તો પણ) દાંતનું આરોગ્ય જળવાશે, પરિણામે દાંતના ડૉક્ટર પાસે જવું જ નહિં પડે. હળવેથી લવંગ ચાવવાથી પણ દાંતનો દુઃખાવો, પેઢાની સોજા મટશે. લવંગમાં રહેલ engenol નામનું તત્ત્વ જોરદાર વેદનાશામક- Anesthetic છે. ૫ા ચમચી લવંગનો ભૂક્કો કોઈપણ ખાદ્ય વસ્તુ પર ભભરાવી નિયમિત ખાવાથી હાર્ટએટેકનું જોખમ ટળશે, તેમજ લોહીમાં સાકરનું પ્રમાણ વધુ હશે તો તે પણ ઘટી નોર્મલ રહેશે.

૨) પગની પીંડીઓનો દુઃખાવો : જાત્રા અર્થે ડુંગર ચડ્યા હોઈએ, હાઈક પર ગયા હો તો પગની પીંડીઓ દુખવાની જ તો તે માટે સહન થાય તેટલું ગરમ પાણી મોટી બાલ્દીમાં લઈ તેમાં મુઠીભર મીઠું (નમક) નાખી એમાં પગ ડુબાડી ૧૫ મિનીટ રાખો. પગનો જેટલો ભાગ ડુબાડી શકો તે મટી જ જશે બાકી દુઃખતા ભાગ પર ગરમ પાણીનો કે ઠંડી બરફનો શેક કરો. (બરફનો ઠંડો શેક વધુ ઉંડાણ સુધી અસર કરે છે તેથી કોઈપણ દુઃખાવા માટે વધુ અસરકારક છે) આદુના ટુકડા ૨ ચમચી કે સૂંઠ પાવડર ૧ ચમચી નિયમિત લ્યો જે દુઃખાવો કરનાર હોર્મોન્સને ઉત્પન્ન થતાં જ રોકે છે. તેમજ એનાથી સ્નાયુ, સાંધાના દુઃખાવો, સોજા કે કડકપણું દુર થાય છે.

૩) સંધિવાતના દુઃખાવા : ગરદનના (Cervical spondilitis), ઘુંટણના, કમરના દુઃખાવા આવા સંધિવાતના દુઃખાવા ખૂબ સામાન્ય છે. જે કેલશ્યમની કમીના કારણે, Oesteoporosis (હાડકાનું છિદ્રાળુપણું) અને પછી ધીરે ધીરે સાંધા ઘસાવાથી દુઃખાવો થાય છે. ખાવાના ચૂનામાં કેલશ્યમ હોય છે જે ઘઉંના દાણા જેટલો છાસ, સુપ, લસ્સી કે પાનમાં (પાન, કાથો-તમાકુ વગરનો, કારણ કાથો અને તમાકુ કેન્સર કરે છે) નિયમિત લ્યો. પારિજાત (હરસિંગાર-પ્રાજક્તા) તેના સફેદ ફૂલ અને કેસરી દાંડી હોય છે. રાત્રે ખીલી સવારે ખરી પડે છે તે છોડના ૪-૫ પાન લઈ બારીક ટુકડા કે પેસ્ટ કરી રાતના થોડા પાણીમાં ઉકાળી ઢાંકીને મૂકી દ્યો. સવારે આ પાણી ગાળીને ખાલી પેટે પી લ્યો. આ પાણી નિયમિત લેવાથી દુઃખાવા ઘટે છે. 'સાઈટીકા'ની તકલીફમાં આ પારિજાતના ફૂલનો રસ રોજ ૧ ચમચી તજ પાવડર સાથે લેવાથી સાંધાનો દુઃખાવો ઓછો થશે અને 'ઈરીટેબલ બૉવેલ સીન્ડ્રોમ' માં રાહત મળશે. તુલસી એ Pain relivere અને Antibiotic છે અને જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તુલસી ગરમ હોવાથી પ્રકૃતિ પ્રમાણે અને ગરમીમાં ઓછા પાન લેવા, તુલસી એ માસિકસ્રાવ જલ્દી લાવે છે તે સમજીને સ્ત્રીઓએ તેનો ઉપયોગ કરવો. હળદરમાં કેલશ્યમ, વિટામીન 'સી', બીટા કેરોટીન, ફાયબર, આયર્ન, પોટેશ્યમ, ઝીંક, પ્રોટીન,

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

સોડિયમ, ફલેવેનોઈડ્સ નિયાસીન, વિટામીન 'ઈ' અને સૌથી મહત્ત્વનું કરક્યુમીન હોય છે. આથી જ નિયમિત ૧ ચમચી હળદર લેવાથી સાંધાના દુઃખાવામાં ખૂબ જ લાભદાયી છે. જે સાંધાની તકલીફ હોય તે સાંધાની કસરત ૧૦૦-૧૦૦ વખત દિવસમાં ત્રણ વખત કરવાથી સાંધાની આસપાસના સ્નાયુઓ, લીગામેન્ટ મજબૂત થશે, જે જગ્યાએ લોહી ઝડપથી ફરશે અને ખરાબી દૂર કરશે, સોજા ઘટશે અને તે સાંધાનો દુઃખાવો નહિવત થઈ જશે. સાંધામાં અતિ વધુ સોજા હોય કે અતિ વધુ દુઃખાવો હોય તો કસરતને બદલે આરામ આપી ગરમ કે ઠંડો શેક કરવો. ઘુંટણના દુઃખાવામાં ખાસ જો તકલીફ શરૂ થયાથી ઉપરના ખાદ્ય અને સંપુર્ણ કસરત શરૂ કરશો તો Knee Replacement જેવા ઓપરેશનની જરૂર જ નહીં પડે.

૪) કાનનો દુઃખાવો : લસણની ત્રણેક કળી છુંદી થોડા તેલમાં નાખી ગરમ કરો. નવશેકું થાય એટલે આ તેલના ૨ ટીપા કાનમાં નાખવા (પડદામાં કાણું હોય તો નહીં નાખવું). લસણમાં રહેલ જર્મેનિયમ, સેલેનિયમ અને સલ્ફર કમ્પાઉન્ડ કાનની અંદરના બેક્ટેરીયા જે કાનમાં પીડા કરે છે તેનો નાશ કરે છે. ન્યુ મેક્સીકો સ્કુલ ઓફ મેડીસીનના તજજ્ઞો કહે છે કે આધુનિક કાનની દવા કરતાં આ સાદી ટ્રીટમેન્ટ જલ્દી અસર કરે છે.

૫) ગાઉટ, સંધિવાત, માથાનો દુઃખાવો : લોહીમાં 'યુરીક એસિડ' વધવાથી હાથપગની આંગળીઓમાં સાંધાઓમાં સોજા, દુઃખાવો થાય તે બિમારી એટલે ગાઉટ, સંધિવાત અને માથાના દુઃખાવામાં રોજ વાટકો ભરીને ચેરી ખાવાથી દુઃખાવો ઓછો થાય છે. ચેરીમાં 'એન્થોસાયનીન્સ' નામનું તત્ત્વ હોય છે જે પેઈન કીલર કરતા ૧૦ ગણું વધારે સોજા અને દુઃખાવા મટાડનાર છે એમ ઈસ્ટ લાન્સીંગના મીચીગન સ્ટેટ યુનિવર્સિટીના ફુડ સાયન્સના પ્રોફેસર મુરલીધરન નાયર (Ph.D.) કહે છે કે રોજ ૨૦ ચેરી (તાજી, સુકવેલી કે, ફ્રોઝન કરેલી) જ્યાં સુધી દુઃખાવો ન મટે ત્યાં સુધી ખાવ.

૬) પ્રીમેન્સ્ટુઅલ સીન્ડ્રોમ (માસિક ધર્મ અગાઉ થતી તકલીફ) : દરેક માસિક ધર્મ પહેલા પેટમાં ગેસ, માથુ દુઃખવું, માઈગ્રેન, ચિડીયાપણું, કમર દુઃખવી, નિરાશા, ઉંઘ ઓછી થવી, એકાગ્રતા ઓછી થવી. જેવી તકલીફ વધુ-ઓછા અંશે થતી હોય છે. અયોગ્ય લાઈફ સ્ટાઈલ ચેન્જ કરવાથી વધુ કેફીન ધરાવતી ચીજો ખાવી બંધ કરવાથી અને પોષણયુક્ત ભોજન લેવાથી આ તકલીફો થોડી દૂર થાય છે. દરરોજ ૨ વાટકી દહીં સાથે ઘઉંના દાણા જેટલો ચૂનો ખાવાથી આ તકલીફ ઘણી ઓછી થાય છે એમ ન્યુયોર્કના કોલંબીઆ યુનિ. ના રીસર્ચરો કહે છે. Mary Jane Minvin (M.D.) સ્ત્રીરોગોના Yale યુનિવર્સિટીના નિષ્ણાંત સમજાવે છે કે દહીંમાં કેલશ્યમ અને ખનિજ હોય છે. જે કુદરતી રીતે નર્વસ સિસ્ટમને શાંત કરે છે તેમજ દુઃખવાદાયક લક્ષણોને દૂર કરે છે.

૭) ફાયબ્રોમાયેલજીઆ, સંધિવાત : ફાયબ્રોમાયેલજીઆ એ સ્નાયુઓ અને હાડકાના દુઃખાવાની બિમારી છે જેને લીધે થાક, ઉંઘ ઓછી આવવી, નિરાશા વગેરે થાય છે, જે અકસ્માતમાં માર લાગ્યો હોય, ઓપરેશન થયું હોય કે જોરદાર તાણને લીધે થાય. આવી જે જુના દુઃખાવાની તકલીફોમાં ૧ ચમચી હળદર દૂધમાં કે એમને એમ પાણી સાથે ફાકીની જેમ ગળી લ્યો. હળદરમાં રહેલ કરક્યુમીન દુઃખાવા ઉત્પન્ન કરનાર એન્ઝાઈમ સાયકલોઓકસીજીનેસ-૨ને કુદરતી રીતે અટકાવે છે અને ડાયાબિટીસમાં પણ ફાયદો થાય છે એમ ઝુલીઅમ વિટાકર (M.D.) પોષણના નિષ્ણાંત અને પુસ્તક લેખક કહે છે.

